ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૧
અંક : ૬

## મૈત્રી ભાવના

જો કોઈ પણ દેશમાં સામાજીક એકતા શિથિલ થઈ, કમજોર પડી અને રાજદારી એકતા પ્રધાન બને તો એવા સમાજને પોતાની સરકાર તળે દબાઈને રહેવું પડે છે. રાષ્ટ્ર ને માટે આ સ્થિતિ સારી નથી જ. જો આપણે દરેક વસ્તુ સરકાર દ્વારા કઢાવવાની ટેવ પાડીએ તો સરકારની જ પ્રતિષ્ઠા વધશે. પછી એવી સરકાર જો કમજોર પડે તો રાષ્ટ્રીય એકતા પણ સરકાર મારફતે ટકાવી ન શકાય. એટલા માટે હવે આપણે સામાજીક એકતા સ્થાપીત કરવાના અને વધારવાના બધી જાતના બિનસરકારી એટલે સામાજીક અને સાંસ્કૃતિક પ્રયત્નો કરવા જોઈએ. આ જ હશે આપણી મૈત્રીભાવનાનું સૌથી મોટુ મિશન. હું તો દુશ્મનીથી જેટલો ડરુ છુ તેના કરતા વધારે, **ઉદાસિનતાથી ડરુ છુ પરસ્પર ઉપેક્ષાથી.** પુરતો પ્રયત્ન કરવાથી દુશ્મનાવટ દુર થઈ શકે છે. ઉદાસીનતા દુર કરવાનું કોઈને સુઝતુ નથી એ જ સૌથી મોટી મુશ્કેલી છે. બધાના, સમસ્ત રાષ્ટ્રના, સમષ્ટિના હિત વિશે વિચાર કરવાની જવાબદારી કોની? સરકારની? તેમ થાય તો સરકાર રાષ્ટ્રથી પણ મોટી થઈ બેસશે. પછી એમાં પ્રજાતંત્ર અથવા ડેમોક્રેસી રહે નહી પછી એવી સરકારમા યા તો આવશે ડીકટેટરશીપ અથવા આવશે પાર્ટીબાજીની બધી જાતની હિનતા. જો આપણે આ બંને દોષો દૂર કરવા હોય અને સામાજીક રાષ્ટ્રીય જીવન શુધ્ધ, સમર્થ, સમૃધ્ધિ અને સોક્રીય બનાવવુ હોય તો મૈત્રીભાવના વધાર્યે જ છુટકો. જીવનશુધ્ધિના પાયા પર જયારે આપણે આપણી વિરાટ સહાનુભૂતિ પરાકોટીએ પહોંચાડી દઈશુ ત્યારે જ મૈત્રીભાવના સિધ્ધ થશે.

મૈત્રીમા પ્રેમ છે, વાત્સલ્ય છે, કલ્યાણકામના છે, ભકિત છે, સમાનતાનો ભાવ છે. મુરબ્બીપણાનો કે દાસત્વનો નહીં.

મૈત્રીભાવનામાં બાકીની સર્વ સાધના સમાઈ જાય છે.

**– કાકાસાહેબ કાલેલકર**

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

*વિદ્યાદાન એ જ સાચું દાન છે.*

**પંચાયત**

રાજાઓ આવે છે ને જાય છે, રાજવંશો બદલાય છે પણ ગામને તેની કશી અસર પહોંચતી નથી કારણકે પંચાયત રાજાને છઠો ભાગ આપીને કહે છે કે તમે તમારૂ લઈ જાઓ, બહારનાથી બને તો અમારૂ રક્ષણ કરો. બાકીનું બધુ અમે ફોડી લેશુ. ને પછી પાઠશાળાના પંડિત, કથા કરનાર ભટ, ગામનો કોટવાળ, ગાનારી ગણિકાને વૈદ્ય સુધી સૌની ગોઠવણ કરે છે, ગામની અંદરના સુખદુઃખની તે રખેવાળ છે. ઉછળતા દરિયા વચ્ચે પણ ગામડાં શાંત અને સુખી રહે છે આ પંચાયતોને આધારે.

શ્રી મનુભાઈ પંચોળીએ એ વખતના પંચાયતના માળખાને ઉપર મુજબ દર્શાવતા પંચાયતોની સ્થાનિક સ્વરાજની ઓળખ સ્પષ્ટ કરી આપી છે. એ ઓળખ જ ગામ લોકોમાં વિશ્વાસનું વાતાવરણ પેદા કરતુ હતુ. લોકોની ગામ માટેની ત્યાગ ભાવના તથા ગ્રામપંચાયતની લોકોની સંભાળ લેવાની કાર્યરીતિથી આ માળખુ મજબુત હતુ તેથી જ તો ''લોકોના મન ગ્રામપંચાયત તરફથી પોતાના તરફ વળે એ માટે અંગ્રજોએ ગ્રામપંચાયતોનો નાશ થાય એવી નીતિ અપનાવી''

આઝાદી પછી પંચાયતોને સ્થાનિક સ્વરાજની સંસ્થાનો દરજજો મળેલ છે. લોકશાહીની પ્રક્રિયાનુ આ પ્રથમ સોપાન છે ગામનો વહિવટકર્તા સરપંચ ગામના તમામ લોકોના મતથી ચુંટાય છે. પંચાયતો હસ્તક પોતાના અધિકારોની બાબતો નકકી થઈ હોય તેમ છતાં સ્વરાજની વ્યાખ્યાને ધ્યાનમાં રાખી કાર્યરીતિ નકકી કરવાની મુખ્ય ભૂમિકા સ્થાનિક લોકોની જ રહે છે.

પરંતુ લોકોની અવગણના કરવાની ટેવ અંગ્રજોની જેમ આપણાં આગેવાનોમાં પણ આવી છે. તેઓ એક વખત ચુંટાય જાય તો ફરી કઈ રીતે ચુંટણી જીતી શકીશુ તેની ચિંતા કરે છે જે કાર્ય માટે ચુંટાયા છે તેની ચિંતા ખુબ ઓછા આગેવાનોમાં દેખાય છે.

આમ, લોકોની અપેક્ષા અનુસાર સતાતંત્ર યોજના બનાવતુ ન હોય અને બનેલી યોજનાના અમલીકરણમા લોકોની ભૂમિકા ન હોય તેમને એ સતાતંત્ર પોતાનુ હોય તેમ લાગતુ નથી.

ગ્રામ પંચાયતો એવી રીતે વિકસે કે લોકો રાજય પર વધુ પડતો આધાર ન રાખે ને સાથે સાથે સ્વાવલંબન એવી હદે ન પહોંચે કે ગ્રામજનો સંકુચિતતામાં બંધાઈ જાય. ગ્રામ પંચાયત આ બે છેડા વચ્ચેનો સેતુ બની રહે તે બાબત પંચાયતના પાયામા રહેલી છે.

***સખત મહેનતનો કોઈ વિકલ્પ હોતો નથી.***

## ફાઈનાસીયલ લીટ્રસી ટ્રેનીંગ

તા.૧ મે એ આર્થિક શિક્ષણ બાબતે અમદાવાદ ખાતે ૫ દિવસિય તાલીમ યોજવામાં આવી. જેમાં ગરીબી રેખા નીચે જીવતી બહેનો માટે વિશ્વાસ, કમીટમેન્ટ, ઈમેજ બનાવવી, બોડી લેંગવેજ, વચન પાળવું, પારદર્શક, સંવાદ, આભાર, ભાવના સમજવી, પાયો મજબુત બનાવવો જેવા મુદા પર સમજ બનાવવામા આવી. આ તાલીમનો મુખ્ય હેતું ખર્ચના સંદર્ભમાં વર્તનમાં બદલાવ લાવવો, બચત, ધીરાણ, વ્યાજ અને વીમો વિ. બાબતો હાલની સ્થિતિમાં વૈશ્વિક મંદીને ધ્યાનમાં રાખીને આ તાલીમમાં આવરી લેવામાં આવી હતી. Indian School of Microfinance for Women દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં વિજયાબેન કુંકવાવએ ભાગ લીધો હતો.

## નાબાર્ડ આયોજીત મીટીંગ

અમરેલી જીલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠક નાબાર્ડના એ જી એમ શ્રી કે.આર સાલ્વેના અધ્યક્ષ સ્થાને તા.૭/૬/૦૯ના રોજ મળી હતી જેમાં સ્વ સહાય જુથોની રચના અંગેની સમિક્ષા કરવામાં આવી. આ ઉપરાંત નાબાર્ડ સાથે સહયોગમાં રહી કરી શકાય તેવી પ્રવૃતિઓ માટે દરેક સંસ્થાઓને પ્રપોઝલ આપવા જણાવ્યું.

## સ્થળાંતર

વેપારીનો છોકરો વયમાં આવે કે તરત મુંબઈ–કલકતા દોડે, લક્ષ્મીવાન બને ગામમાં પાછો આવીને મેડીઓ ચણાવે. એ મેડીમા પોતે નથી રહી શકતો, એની બિમારી જ રહે છે, ગામમાં આવીને બેઠો બેઠો એ શાક–પાંદડાના ને દુધના દર ચડાવી મારે છે. એની વાણીમાં, એના વસ્ત્રોમાં અને એની રીતભાતમાં લોકોને કૃત્રિમતા જ ભાસે છે. જીવતા શરીરનાં લોહીમાંસમાં એક મરેલી માટીની કણી પડી પડી ખટકતી હોય એમ આ શહેરી મનુષ્ય ગામની વચ્ચે નિરાળો રહયો રહયો ગામડાના હ્દયમા ખૂંચે છે.

બાબુ રવીન્દ્રનાથ ઠાકુરે અવાજ ઉઠાવેલો કે, ‘રાજદ્વારી રમતો ને પ્રપંચો મૂકી દો. દેશનાયકો, ગામડાને સજીવન કરો, ઠેર ઠેર મેળા ભરો, ઉજાણીઓ કરો, રામાયણ–મહાભારતનો રસ પ્રજાજનોને પાવા માંડો.’ ગામડાને સજીવન કર્યે જ ઉગારો છે. જન્મભૂમિ આજે નાની નાની નદીઓને કિનારે ઉભી ઉભી, ગારાના ઝૂંપડાનાં પેલા જૂથની અંદરથી ડોકીયાં કરતી કરતી પોતાના નાચેલા સંતાનોને બોલાવે છે – એસાદ કોઈ સાંભળે છે કે ?

***(સાભાર–શ્રી ઝવેરચંદ મેઘાણીના નિબંધ ‘ગામનો ચોરો’ ના અંશભાગ)***

**તમારા માતા–પિતાની આજ્ઞાનું પાલન કરો.**

## ફાર્મર્સ ટ્રેનીંગ

૨૧ તારીખે ઈન્ટરનેશનલ લેબર ઓરગેનાઈઝેશન (આઈએલઓ) સજજતા સંઘના પ્રતિનિધિઓ સંસ્થાની મુલાકાતે આવ્યા. નાણાકિય જોખમ, પિયતનો અભાવ, જંગલી પશુઓનો ત્રાસ, વરસાદની અનિયમિતતા, ગુણવતાવાળુ બિયારણ, બજારભાવ (વધઘટ), આકસ્મીક જોખમો સામે કેવી રીતે રક્ષણ મેળવવુ વિ. બાબતો પર તાલીમનું આયોજન થયું.

આઈએલઓ અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા તા. ૩ થી ૭ દરમ્યાન ખાંભા તાલુકાના પાંચ ગામો (ગીદરડી, રાયડી, નીગાળા, પચપચીયા, ભાડ) માં ખેડુત તાલીમ યોજવામાં આવી. જેમાં કુલ ૧૯૨ ખેડૂતો હાજર રહયા હતા.

## વર્ષા વિમા અભિયાન

૨૨ તારીખે તાલુકા લેવલ મીટીંગમાં ૩૦ ખેડુતો સાથે આ અભિયાનના આયોજન તથા વર્ષા આધારિત જોખમો અંગે તાલીમ અંગેનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

૨૩ તારીખે કોર ગૃપ તાલીમ થયેલ જેમાં વર્ષા વિમા યોજના અભિયાનમાં સ્થાનિક ટેકા માટે ખેડુતોને તૈયાર કર્યા. શ્રી વિપુલભાઈ શેલડીયાએ આ વર્ષ માટે તૈયાર કરાયેલ પ્રોડકટ વિષે માહિતી આપી હતી. કુલ ૧૭ ગામના ૫૭ ખેડુતોએ વર્ષા વિમાના સુત્રો તૈયાર કર્યા હતા.

વર્ષા વિમા અભિયાન તા. ૨૪ મે થી ૧૫ જુન સુધી ખાંભા તાલુકાના ગામોમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચલાવવામા આવ્યુ. ખેતીના જોખમો અને વર્ષા વિમા વિશે ખેડૂતોમા જાગૃતિ આવે તે આ અભિયાનનો મુખ્ય હેતુ હતો.

જીકીયાળી, નાનુડી, ઉમરીયા, તાતણીયા, લાસા, ધાવડીયા, સાળવા, રબારીકા, પીપરીયા, ગીદરડી, ભાડ, પચપચીયા, વિસાવદર, આંબલીયાળા, વાકિયા વિ. ગામોમાં અભિયાન રથ સાથે વર્ષા વીમાની કેસેટ વગાડતા ગામના જાહેર રસ્તા પોસ્ટર ચિપકાવ્યા અને ડોર ટુ ડોર પત્રિકા વહેચી. જેમાં આ ગામોના તમામ ખેડૂતોને વર્ષા વિમા વિશે જાણકારી આપી.

તેમજ ૧૧૩૦ ખેડુતો સાથે મીટીગ, વીડીયો શો તથા ચર્ચા દ્વારા સીધો સંવાદ રચી શકાયો.

ઝડપથી વિશ્વાસ ન બેસે તેવી આ બાબતમાં વર્ષા આધારિત આ વીમાની પ્રોડકટ ખરીદવામાં ગત વર્ષમાં ૪૬ ખેડૂતો જોડાયા હતા. આ વર્ષે ૧૩૯ ખેડુતોએ વર્ષા વિમા અભિયાનમાં સહભાગી થઈ વરસાદના જોખમો સામે રક્ષણ મેળવવા પ્રિમિયમ ભર્યા.

*નિખાલસ માણસ દરેકના હૃદયને સ્પર્શી જાય છે.*

## સોશ્સીયલ એકાઉન્ટીબીલીટી

ખાંભા તાલુકાના ત્રણ ગામોમાં સામાજીક અન્વેષણના હેતુથી તકેદારી સમીતીઓની રચના થયેલ છે. આ સમિતીની કાર્યવાહી બાબતે સંસ્થાના સંકલનકાર સતત પરામર્શ કરતા રહે છે.

તા. ૮/૬/૦૯ના રોજ પચપચીયા સમિતિ સાથે સંસ્થા તેમજ ઉન્નતિના કાર્યકરોની બેઠક યોજવામાં આવી. જેમાં સસ્તા અનાજની દુકાન અંગેની કામગીરી, રાષ્ટ્રિય ગ્રામિણ રોજગારી બાહેંધરી અધિનિયમ ૨૦૦૫ હેઠળ શરૂ થયેલા કાર્યો અને રોજગારી સંબંધી બાબતોની ચર્ચા સમિતિના સભ્યો સાથે કરી તેમાં રહેલી ક્ષતિઓ દુર કરવા માહિતી અધિકાર અધિનિયમનો ઉપયોગ કરી શકાય તે બાબતે જરૂરી માહિતીની આપ લે થઈ.

**માસ દરમ્યાન કામગીરી**

| | | |
|---|---|---|
| ૧–૫ | ફાયનાન્લસીયલ લીટ્રસી ટ્રેનીંગ | અમદાવાદ |
| ૩–૭ | ખેડુત તાલીમ | ખાંભા |
| ૬ | ટીમ મીટીગ | અમરેલી |
| ૭ | તકેદારી સમિતી સાથે બેઠક | પચપચીયા |
| ૯ | અભ્યાસ અંગે ખેડૂતોની મુલાકાત | ખાંભા |
| ૨૦ | ન્યાય સમિતી સાથે નેટવર્કમાં બેઠક | |
| ૨૧ | અભ્યાસ અંગે ખેડૂતોની મુલાકાત | લાસા |
| ૨૪–૧૦ | વર્ષાવીમા ઝુંબેશ | ખાંભા |
| ૨૯–૩૦ | પેરાલીગલ તાલીમ | રાજકોટ |

## પેરાલીગલ વર્કર સમિક્ષા બેઠક

પેરાલીગલ કાર્યની પ્રગતિ અંગે સમિક્ષા તથા આગામી ત્રિમાસિક કાર્ય આયોજન માટે બેઠક યોજવામા આવી.

પેરાલીગલ વર્કર બહેનોએ ગ્રામ પંચાયત, એનઆરઈજીએ હેઠળ ચાલતા કામો, મધ્યાહન ભોજન, શાળા, આંગણવાડી તેમજ સસ્તા અનાજની દુકાનની મુલાકાત દરમ્યાન તેમણે મહિલા અને બાળકોના સંદર્ભમા આ યોજનાઓની ઉપયોગિતા સંબંધી ચર્ચા સંબંધકર્તાઓ સાથે કરી હતી તેની વિગતો મીટીંગમા આપી અને આગામી આયોજન કર્યુ હતુ.

## ન્યાય સમિતી

ગયા મહિને ૨૫–૨૬ તારીખે આબુ ખાતે ન્યાય સમિતીના ડીબ્રીંફીંગ માટે બેઠક યોજાઈ હતી છેલ્લા વર્ષોમાં થયેલ કામગીરી અને તેની પ્રક્રિયાઓ ચકાસવામા આવી. ન્યાય સમિતીના દફતર જાળવણી તથા લખાણ સંબંધી બાબતોમા ંવધુ તાલીમની જરૂર જણાઈ તેમજ સમિતી પાસે આવતી ફરિયાદોમાં નારીવાદી દ્રષ્ટિકોણ સંદર્ભે પણ જરુરી કાળજી લેવાય તેની વિગતો સમજવા પ્રયાસ થયો. સંસ્થાની ટીમ સાથે આ મહિને તા.૧૩ના રોજ બેઠક યોજાઈ જેમાં સભ્યોની ક્ષમતાઓ સંબંધી ચર્ચા કરવામાં આવી.

*સેવા વિના મેવા નહી.*

## ગ્લોબલ વોર્મીંગ શું છે ?

સૂર્યમાળામાં આવેલા નવેક ગ્રહો અને સવાસો જેટલા ઉપગ્રહોમાંથી છેલ્લા સંશોધનો પ્રમાણે માત્ર પૃથ્વી ઉપર જ જીવ–સંચાર થયો છે અને સજીવ સૃષ્ટી પાંગરી શકી છે. પૃથ્વી જયારે સૂર્યથી છૂટી પડી ત્યારે ધગધગતા ગોળા જેવી હતી. આશરે એકાદ અબજ વર્ષ પછી સ્થળ જળ થાળે પડયા અને પર્યાવરણ રચાવું શરૂ થયું. પૃથ્વી ઉપર આ શકય બન્યું તેનું મુખ્ય કારણ વિજ્ઞાનીઓ સૂર્યથી યોગ્ય અંતરે પૃથ્વીના સ્થિર થવાને ગણાવે છે. પૃથ્વી પર જીવને પ્રગટવા માટે બે પરિબળ ોની અનિવાર્યતા હતી. ઉષ્મીય ઊર્જા અને યોગ્ય પર્યાવરણ. આ બંને કાળાંતરે પૃથ્વીને મળવાથી સજીવનો ઉદભવ અને વિકાસ શકય બન્યા.

સુંદર, આકર્ષક અને સુવ્યવસ્થિત સૃષ્ટિને આપણે સાચવી શકયા નથી. કાળખાના સમાં કારખાનાઓએ, કપાતા જંગલોએ, આડેધડ વપરાતી જતુંનાશક દવાઓના છંટકાવે, વાહનોમાંથી ઓકાતા ધુમાડાઓએ, મનોરજંન માટે વપરાતા સાધનોએ, વધુ અને વધુ તથા ઝડપી ઉત્પાદનની ઘેલછાએ અને ભૌતિક સુખો મેળવવાની આંધળી દોટે પૃથ્વીના પર્યાવરણને અમાપ નુકશાન પહોચાડયું છે દરેક સ્થળે, દરેક ક્ષેત્રે વ્યાપેલા પ્રદુષણે અનેક પ્રકારના કુદરતી પ્રકોપોને વગર આમંત્રણે નોતરીને સમગ્ર જીવસૃષ્ટિને આફતમાં મૂકી દીધી છે. તેજાબનો કાતિલ વરસાદ, રક્ષક કવચ ઓઝોન સ્તરનો ક્ષય, વધતો રણપ્રદેશ, જમીનનું થતું ધોવાણ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ખૂટેલા કુદરતી સ્ત્રોતો, હવામાનના અણધાર્યા ફેરફારો, નીતનવા રોગો, વાવાઝોડા, ધરતીકંપો, જવાળામુખીઓ જીવંત થવા અને સુનામી જેવા અનેક કુદરતી પ્રકોપોએ માનવજાતને મૂંઝવણમાં મૂકી દીધી છે. માણસે પોતાની સ્વાર્થ અને લોભવૃતિથી પ્રેરાઈને ભૌતિક સુખો માટે કુદરત સાથે કરેલા અટકચાળાની શિક્ષારૂપે મહામોટી આફત પૃથ્વીના તાપમાન વધવાની આવી પડી છે! પૃથ્વીના આ તાપમાન વધવાની ઘટનાને વિજ્ઞાનીઓ ગ્લોબલ વોર્મિગથી ઓળખાવે છે. પૃથ્વી ઉપર બનતી તમામ પ્રાકૃતિક ઘટનાઓ માટે આ 'ગ્લોબલ વોર્મિગ' ને જ જવાબદાર ગણવામાં આવે છે. સમગ્ર જડ–ચેતન જગતના અસ્તિત્વનો પ્રશ્ન ઊભો કરનાર આ ઘટના એટલી બધી ગંભીર અને પ્રભાવકારી છે કે તેને સમજયા વગર માનવજાતનું ભવિષ્ય અંધકારમય જણાય છે. વિજ્ઞાનીઓ એવું સમજાવે છે કે આપણો ભૂતકાળ ભલે જુદો હોય પણ હવેનું ભવિષ્ય

કીડીથી માંડીને હાથી સુધીના સજીવોનું એક જ છે, તે છે સર્વનાશ! આ સર્વનાશમાંથી બચવા આપણે સામૂહિક રીતે સક્રિય પ્રયત્નો કરવા પડશે.

છેલ્લી અર્ધી સદીમાં માણસ જાતે સૃષ્ટિ સાથે જેટલી છેડતી કરી છે, એટલી છેલ્લાં લાખો વર્ષોમાં કયારેય નહોતી કરી. તેથી પૃથ્વીના તાપમાનમા અભુતપૂર્વ વધારો થતો ગયો. આજે પર્યાવરણના ઓઝોન ક્ષેત્રમાં આખા ખંડના કદ જેવડા મોટાં ગાબડા પડયા છે. ભૂમિનું પહેલાં કયારેય નહોતું થયું એટલું ક્ષરણ થયું છે. જંગલો એટલા મોટા પ્રમાણમાં કપાઇ રહ્યા છે કે માણસ જાતને જીવવા માટે અનિવાર્ય એવો પ્રાણવાયુ મળી રહેશે કે કેમ? એવી આશંકા ઉભી થાય છે. અશ્મીજન્ય બળ તણોનું દહન, કારખાનાઓમાંથી નીકળતા ધુમાડાઓ, વાહનોમાંથી ઓકાતા ધુમાડા, જંગલોનો બેફામ વિનાશ, ઉદ્યોગોમાં વપરાતાં અનેક પ્રકારના સંશ્લેષિત રસાયણો, રાસાયણિક ખાતરો અને આડેધડ થતા જંતુનાશક દવાના છંટકાવ જેવી બાબતોએ વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ વધારી દીધુ છે. હવે બન્યુ છે એવું કે એ કાર્બન ડાયોકસાઇડની સરદારી નીચે કામ કરતા વાયુંનું પ્રમાણ માનવજાતે વધારી મૂકયું એટલે એ બધા વાયુઓ દ્વારા પેલી વધારાની ગરમી જે પ્રતિબિંબિત થઇને બહાર ધકેલાઇ જતી હતી, તેના બદલે વાતાવરણમાં જ શોષાવા લાગી. પરિણામ એ આવ્યું કે બહાર ચાલ્યા જતા ઇન્ફ્રારેડ કિરણો પૃથ્વીના જ વાતાવરણમાં રહી ગયા અને એણે પૃથ્વીનું તાપમાન વધારી દીધું. દરેક વાયુને તો પોતાનુ નિશ્ચિત બંધારણ છે અને પોતાના ગુણધર્મો છે, એટલે એ તો એ પ્રમાણેની જ વર્તણૂક કરવાના. ભૂલ માનવજાતની છે કે તેણે કુદરતી સમતોલ ગોઠવણમાં પોતાનું ડહાપણ વાપરીને ગ્રીનહાઉસ વાયુઓ ઉમેર્યા એટલે સમતોલ તૂટયૂ છે અને માનવજાત માટે મોટો ખતરો ઉભો થયો છે.

(સાભારઃ ગુજરાત)

આંતરરાષ્ટ્રીય સંસ્થા IPCC ના અહેવાલ મુજબ ગરમી વધવાને લીધે ધૃવીય પ્રદેશોનો બરફ વધુને વધુ ઓગળશે જેના લીધે દરીયાની સપાટી વધવાનુ મોટુ જોખમ કિનારા પર વસતા લોકો ઉપર જળુંબી રહયું છે. ભારતમાં પણ હિમાલય ના બરફનો વિસ્તાર દર વર્ષે સતત ઘટતો જાય છે. જો આમ ને આમ સતત ચાલુ રહેશે તો બારેમાસ વહેતી નદીઓ જેવીકે ગંગા અને યમુનાના પાણીનો પ્રવાહ ઘટતો જશે જેની સૌથી મોટી અસર પીવાના પાણી અને ખેતી ઉપર

**દરેક ખરાબ પરિસ્થિતનો હિંમતભેર સામનો કરવાથી ભગવાન પણ વારે આવે છે.**

પડશે. એ પણ હકીકત છે કે કાર્બન ડાયોકસાઇડના પ્રમાણ વધવાના લીધે અમુક સમય સુધી ખેતીનુ ઉત્પાદન કદાચ જળવાય રહે પરંતુ સામાન્યથી ૩ ડીગ્રી સે. વધારે ગરમી પડતા પાકનુ ઉત્પાદન ઘટતું જાય છે, આ ઉપરાંત ગરમી વધવાથી આબોહવામાં મોટા પાયાના ફેરફારો થશે જમ કે, ચક્રાવાતની ગતી અને સંખ્યામા ફેરફારો, વરસાદમાં અનિયમીતતા, ભારે વરસાદ કે તીવ્ર દુશ્કાળ જેવી ઘટનાઓ વધતી જશે આની સીધી અસર ખેતી ઉત્પાદન અને માણસોના આરોગ્ય ઉપર થશે.

**– દિનેશભાઈ મોઘરીયા**

## પત્રકારત્વ ધંધો છે કે ધર્મ?

'અમારે આવા સમાચારો જોઈતા નથી', 'આ સમાચાર તદન ખોટા છે' એમ કહેનારા મળશે તો પત્રકારત્વએ આપોઆપ સુધરવું પડશે. કેમ કે વાચક જ એનો અંતિમ આશ્રયદાતા છે. લોકધર્મી પત્રો નીકળતા રહે, સારી રીતે ચાલે એ માટે જેમ એક બાજુ પત્રકારોને શિરે તેમ બીજી બાજુ વાચકોને શિરે પણ મોટી જવાબદારી છે. વળી લોકધર્મી પત્રકારત્વે ઈજારાવાદી આર્થિક બળો તથા સતાલોલુપ રાજકીય પક્ષોથી ચેતીને ચાલવું જોઈએ અને જે મૂલ્યો લોકશકિતને વિકસાવે છે તેને વળગીને સદભાવના થી કામ કરવું જોઈએ.

**– યશવંત શુકલ**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

*દિલગીરી વ્યકત કરવા માટે સાચા હદયની જરૂર છે.*